ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

9 NOV 2022

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૪૯/૨૨-૨૩/ 3598 તારીખ : 9 NOV 2022

**આર.પી.એ.ડી.**

કેસ નં.૪૯/૨૨-૨૩

પ્રતિ,
**શ્રી નટવરભાઈ રણછોડભાઈ કોશીયા,**
**મું.બોરણા,**
**તા.લીંબડી,**
**જી.સુરેન્દ્રનગર.**

મો.નં- ૯૯૨૫૧ ૭૨૯૬૨

**વિષય :** રકમ ભરપાઈ કરી આપવા છતાં વસુલાતની નોટીસ મોકલવા બાબત.

**સંદર્ભ :** (૧) આપનો પત્ર તા.૦૩/૦૯/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૯/૦૯/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૯/૨૨-૨૩/૩૦૮૬ તા.૨૬/૦૯/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૯/૨૨-૨૩/૩૧૬૩ તા.૩૦/૦૯/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૧/૧૦/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **લીંબડી**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, લીંબડી.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૪૯/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી નટવરભાઈ રણછોડભાઈ કોશીયા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૧/૧૦/૨૦૨૨** ◈

**હાજર રહયા :– શ્રી નટવરભાઈ રણછોડભાઈ કોશીયા (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એમ.એન.સુમેસરા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

**શ્રી નટવરભાઈ રણછોડભાઈ કોશીયા**, મું.બોરણા, તા.લીંબડી, જી.સુરેન્દ્રનગર ની રકમ ભરપાઈ કરી આપવા છતાં **વસુલાતની નોટીસ મોકલવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૯/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી,** વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૯/૨૨–૨૩/૩૦૮૬ તા.૨૬/૦૯/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૧/૧૦/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી નટવરભાઈ રણછોડભાઈ કોશીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.એન.સુમેસરા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ સવિનય ઉપરોકત વિષયના અનુસંધાનમાં આપ સાહેબશ્રી ને જણાવવાનું કે, અમોને ગુજરાત સરકારશ્રી દ્વારા તા.૨૫/૦૪/૨૦૧૯ ના રોજ જાહેર થયેલ માફી યોજના –૨૦૧૭ હેઠળ મળવાપાત્ર લાભ બાબત જાણ કરેલ અને તે અન્વયે અમોએ ઉલ્લેખ મુજબ યોજનાનો લાભ લઈ અને ભરવાપાત્ર થતી રકમ ભરેલ. તેમ છતાં, પત્ર ન. એલએસડીઆર/ ૪૯૨૬ તા. ૧૯.૦૭.૨૨ સંદર્ભ–૩ માં દર્શાવ્યા મુજબની લીગલ નોટીસ થી અમોને સંદર્ભ–૨ મુજબનો લાભ મળવાપાત્ર ન હતો તેવું પીજીવીસીએલ દ્વારા જણાવવામાં આવેલ છે. જે અમોને કબુલ મંજુર નથી. સંદર્ભીત પત્રો–૧,૨,૩ આ સાથે સામેલ છે. તો આ અંગે યોગ્ય કરવા બાબત આપ સાહેબશ્રી ને વિનંતી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ સદર વાદીશ્રીની રજૂઆત અન્વયે નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, લીબંડી ગ્રામ્યના જણાવ્યા મુજબ વાદીશ્રી નટવરભાઈ રણછોડભાઈ કોશીયાના બોરણા ગામના નિવાસસ્થાને તા.૨૮/૦૭/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ વિજ ચેકીંગ દરમ્યાન વાદીશ્રી પીજીવીસીએલ નું કોઈપણ પ્રકારનું વિજ જોડાણ ન ધરાવતા હોવા છતાં, ડાયરેકટ લંગર નાંખી વિજ ચોરી કરતા પકડાયેલ. જેના અનુસંધાને વાદીશ્રીને રૂા.૩૪,૧૫૦/૪૩ + રૂા.૧,૦૦૦/– કમ્પાઉન્ડીગ ચાર્જ સહિત કુલ રૂા.૩૫,૧૫૦/૪૩ નું વિજ ચોરીનું બિલ આપવામાં આવેલ.

૨.૨ સદર બિલ વાદીશ્રી દ્વારા ભરપાઈ ન કરતાં,નામદાર લીબડી કોર્ટ માં તા.૧૧/૦૭/૨૦૧૭ ના રોજ દિવાની દાવા નં–૩૨૫/૨૦૧૭ થી દાવો દાખલ કરવામાં આવેલ અને તા.૧૦/૦૪/૨૦૧૮ ના રોજ નામદાર લીબડી કોર્ટ દ્વારા કંપની તરફે જજમેન્ટ પણ આપવામાં આવેલ. તે સમય દરમ્યાન સરકારશ્રી દ્વારા માફી યોજનાની જાહેરાત કરવામાં આવેલ. જેમાં ઘરવપરાશના બિલમાં ૫૦ % રકમની રાહતની જાહેરાતના અનુસંધાને તમારા તા.૨૪/૦૭/૨૦૧૮ ના રોજ રસીદ નં–૫૩૮૧૩૦ થી મુદલ રકમની ૫૦ % રકમ રૂા.૧૮,૦૮૦/– ભરપાઈ કરવામાં આવેલ. પરંતુ, સરકારશ્રીની સદર માફી યોજનાની શરતો મુજબ જે કેસનું જજમેન્ટ આવી ગયેલ હોય, વાદીશ્રીને માફી યોજનાનો લાભ મળવાપાત્ર નથી. જે બાબતે વાદીશ્રીને જાણ પણ કરવામાં આવેલ અને બાકીની રકમ ભરપાઈ કરવા માટે જણાવેલ. તેમ છતાં, વાદીશ્રી દ્વારા સદર રકમ ભરપાઈ ન કરતાં, તા.૧૬/૦૯/૨૦૨૦ ના રોજ નામદાર લીબડી કોર્ટમાં દરખાસ્ત નં–૭૩/૨૦૨૦ થી દરખાસ્ત પણ દાખલ કરવામાં આવેલ છે અને હાલમાં કંપનીની શ્રી ટાયર કમીટીમાં સમાધાન કરી સદર દરખાસ્તની ડીપીસીની રકમ માં ૨૦ % સુધીની રકમમાં માફી મેળવી બાકીની રકમ ભરપાઈ કરવા માટે વાદીશ્રી ને અત્રેની કચેરી હેઠળની પેટા વિભાગીય કચેરી, લીંબડી ગ્રામ્ય દ્વારા પત્ર નં–એલએસડીઆર/ડીઈ/લીગલ/૪૯૨૬ તા.૧૯/૦૭/૨૦૨૨ થી જાણ કરી સદર યોજનાનો લાભ લેવા જાણ કરેલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી નટવરભાઈ રણછોડભાઈ કોશીયા, મું બોરણા, તા. લીંબડી દ્વારા તેમની પ્રતિવાદી પીજીવીસીએલ ની વિજ બિલ ની બાકી રકમ માફી યોજનામાં ભરેલ હોવા છતાં, બાકી કાઢવા બાબતની નોટીસ સામે વાંધો હોવાથી ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ આજરોજ તા.૧૧/૧૦/૨૦૨૨ની રૂબરૂ સુનાવણીમાં બંને પક્ષકારો હાજર છે તથા તેમની વધુ મૌખિક તેમજ લેખિત રજૂઆત કરેલ છે.

૩.૩ પ્રસ્તુત કેસમાં રજૂ થયેલ રેકર્ડ ના આધારે ફોરમને જણાય છે કે, પ્રતિવાદીની ટીમ દ્વારા તા.૨૮/૭/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ વિજ ચેકીંગ દરમ્યાન અરજદાર પીજીવીસીએલના ગ્રાહક ન હોવા છતાં, પાવરચોરી કરતા માલૂમ પડતા વાદીને રૂા.૩૪,૧૫૦/૪૩ + રૂા.૧,૦૦૦/– કમ્પાઉન્ડીગ ચાર્જ સહિત રૂા.૩૫,૧૫૦/૪૩ નું વિજ ચોરીનું બિલ આપવામાં આવેલ. જે ભરપાઈ ન થતાં, લીબડી કોર્ટમાં તા.૧૧/૦૭/૨૦૧૭ ના રોજ દિવાની દાવો નં–૩૨૫/૨૦૧૭ દાખલ કરેલ. જેનો તા.૧૦/૦૪/૨૦૧૮ ના રોજ નામ.લીબડી કોર્ટ નો હુકમ પ્રતિવાદી ની તરફેણમાં આવતા વાદી દ્વારા રકમ ભરપાઈ ન થતાં, પ્રતિવાદીની કચેરી દ્વારા નામ.લીબડી કોર્ટમા

Redressal Forum P.G.V.C.L. Bhavnagar

દરખાસ્ત નં–૭૩/૨૦૨૦ થી દાખલ કરેલ છે. જે હાલ પેન્ડીગ છે.

૩.૪ ઉપરોક્ત વિગતે દિવાની કોર્ટ નો તા.૧૦/૦૪/૨૦૧૮ નો હુકમ હોવા છતાં, પ્રતિવાદીની કચેરી તે હુકમ મુજબની વસુલાત કરવાને બદલે તા.૨૪/૦૭/૨૦૧૮ ના રોજ સરકારશ્રી ની માફી યોજનાનો લાભ અંતર્ગત રૂા.૧૮,૦૮૦ વાદી પાસેથી વસુલેલ છે. જે નિયમોનુસાર નથી. આજરોજની સુનાવણી દરમ્યાન પ્રતિવાદીની કચેરી દ્વારા વાદી ને જે તે સમયે શરતચૂકથી વ્યાજ માફી નો લાભ લેવા ની નોટીસ મોકલી અને રૂા.૧૮,૦૮૦/– ની વસુલાત કર્યા હોવાનો એકરાર કરેલ છે.

૩.૫ આ તબકકે ફોરમને જણાય છે કે, પ્રતિવાદી દ્વારા કોર્ટ ઓર્ડર મુજબ નો અમલ પેન્ડીગ હોવા છતાં વાદીને વાદીને વ્યાજ માફી યોજનાનો લાભ લેવા જણાવેલ તે તે યોગ્ય નથી. ત્યારબાદ પીજીવીસીએલ દ્વારા જે દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે તે દરખાસ્ત નં–૭૩/૨૦૨૦ થી જણાવેલ બાકી રકમ રૂા.૩૪,૯૫૦/– + ૯ % વ્યાજ વસુલવા માટે હકકદાર છે.

૩.૬ આથી હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદી એ જણાવ્યા મુજબ હાલના પેન્ડીગ દરખાસ્ત કેસ નં–૭૩/૨૦૨૦ સામે કંપનીની થ્રી ટાયર કમીટીમાં કેસ મૂકી વાદીએ મળવાપાત્ર રકમની માફી મેળવી બાકી ની રકમ ભરપાઈ કરવી. અન્યથા, પ્રતિવાદી નામદાર કોર્ટના આદેશ મુજબ બાકી લેણાં વાદી પાસેથી વસુલવા હકકદાર છે.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(એન.આઈ.ઉપાધ્યાય)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૧૧/૧૦/૨૦૨૨.

Consumer Grievance Redressal Forum
P.G V.C.L.
Bhavnagar